સ્વચ્છ સુરત    સુંદર સુરત    હરિયાળું સુરત

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના સુરત નં.૩૬ (અલથાણ), નં.૩૭ (અલથાણ- સાઉથ), નં.૩૧ (અડાજણ), નં.૩૪ (મગોબ- કુંભાલ).

# જાહેર સૂચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના નં.૩૬ (અલથાણ), નગર રચના યોજના નં.૩૭ (અલથાણ સાઉથ), નગર રચના યોજના નં.૩૧ (અડાજણ), નગર રચના યોજના નં.૩૪ (મગોબ- કુંભાલ) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ અનુક્રમે તેના તા. ૨૭-૯-૯૭ના ઠરાવ નં. ૪૯-૯૭ તા. ૧૨-૮-૯૭ ના ઠરાવ નં. ૪૫/૯૭ તા. ૧૨-૮-૯૭ ના ઠરાવ નં. ૪૪/૯૭ તા. ૧૧-૬-૯૭ના ઠરાવ નં. ૩૧/૯૭ થી જાહેર કરેલ છે.

આથી સદર યોજના યોજનાઓના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનના માલિકો અને હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓની, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯ નાં નિયમ-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજૂતી આપવામાં આવશે, તેમજ જમીન માલિકો/ હિત ધરાવનાર વ્યક્તિઓ મારફત આ દરખાસ્ત અંગે જે કોઈ સૂચનો કે વાંધાઓ રજૂ કરવામાં આવશે તે પણ ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે, છતાં આ જાહેર સૂચનાથી મજકુર નગર રચના યોજના નં.૩૬ (અલથાણ), નગર રચના યોજના નં.૩૭ (અલથાણ-સાઉથ), નગર રચના યોજના નં.૩૧ (અડાજણ) તથા નગર રચના યોજના નં.૩૪ (મગોબ-કુંભાલ) માં સમાવિષ્ટ જમીનોના માલિકોને તેમજ હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

(૧) નગર રચના યોજના નં.૩૬ (અલથાણ)
તારીખ: ૧૬-૬-૯૮
સમય: સવારે ૧૦-૩૦ કલાકે
સ્થળ: ગાંધીખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

(૨) નગર રચના યોજના નં.૩૭ (અલથાણ- સાઉથ)
તારીખ: ૧૬-૬-૯૮
સમય: સવારે ૧૧-૦૦ કલાકે
સ્થળ: ગાંધીખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

(૩) નગર રચના યોજના નં.૩૧ (અડાજણ)
તારીખ: ૧૬-૬-૯૮
સમય: સવારે ૧૧-૪૫ કલાકે
સ્થળ: જુના સ્થાયી સમિતિ રૂમ નં.૮૮, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

(૪) નગર રચના યોજના નં.૩૪ (મગોબ- કુંભાલ)
તારીખ: ૧૬-૬-૯૮
સમય: બપોરે ૧૨-૧૫ કલાકે.
સ્થળ: જુના સ્થાયી સમિતિ રૂમ નં.૮૮, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

નં. પી. આર. ઓ./૧૨૦/૯૮-૯૯
તા. ૧૦-૬-૯૮

સીટી ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

તા.૧૨/૬/૯૮ના સંદેશ પેપર માં આપેલ જાહેરાત

ગુ. મિત્ર તા. ૨૨/૨/૯૯

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના સુરત નં. 31

## (અડાજણ)

## નો મુસદો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે. અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સુચિત નગર રચના યોજના, સુરત નં. ૩૨ (અડાજણ)
દક્ષિણે : નગર રચના યોજના, સુરત નં. ૧૦ (અડાજણ)
પૂર્વ : નગર રચના યોજના, સુરત નં. ૧૨ (અડાજણ)
પશ્ચિમે : પાલ ગામની હદ.

ઉપર જણાવેલ યોજનાની મુસદાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનર શ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇ પણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે. તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પી.આર.ઓ/પ૨૭/૯૮-૯૯ (એસ. જગદીશન)
તા. ૧૧-૨-૯૯ કમિશનર